ભારત સરકારશ્રીના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના અન્ન અને જાહેર વિતરણ વિભાગના ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાની સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંક:-સીએસકે/૧૦૨૦૨૧/૭૦૧/ખ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 03 AUG 2021

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારશ્રીના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના અન્ન અને જાહેર વિતરણ વિભાગના તા.૧૫/૦૯/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક: 1(10)/2018-SP-I

(૨) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૩/૦૭/૨૦૨૧ ના પત્ર ક્રમાંક: સરમ/૦૧/૭/૬૩૨/૨૦૨૧

**આમુખ :-**

ભારત સરકારશ્રી દ્વારા ક્રુડ ઓઈલની આયાત ડ્યુટીમાં ઘટાડો કરવા, વિદેશી હુંડીયામણને રક્ષવા, પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થાય અને કૃષિ ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલ બ્લેન્ડીંગનો પ્રોગ્રામ અમલ હેઠળ છે. જે વધારીને ૨૦ ટકા સુધી લઈ જવા માટે ભારત સરકારશ્રી દ્વારા 'ઈથેનોલ બ્લેન્ડીંગ' પ્રોગ્રામને અગ્રતા આપવામાં આવી રહેલ છે. આ ઉપરાંત આત્મ નિર્ભર ભારત બનાવવાના સંકલ્પ સાથે આઝાદીના ૭૫ માં વર્ષની ઉજવણીના સંકલ્પ સાથે 'ઈથેનોલ બ્લેન્ડીંગ ' કાર્યક્રમ અંતર્ગત વાહનોના ઈંધણમાં 'ઈથેનોલ' નું મિશ્રણ ૨૦ ટકા સુધી વધારવા અનેક પ્રોત્સાહનો ઉત્પાદિત એકમો માટે જાહેર કરેલ છે. ભારત સરકારશ્રીના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયે ઈથેનોલના ઉત્પાદનમાં દેશમાં નોંધપાત્ર વધારો થાય તે હેતુથી વર્ષ ૨૦૧૮ થી ઈથેનોલ ઉત્પાદન પ્રોજેક્ટ માટે નાણાંકીય સહાય/વ્યાજ સહાયની જુદી જુદી યોજનાઓ જાહેર કરેલ છે. જેમાં છેલ્લે વંચાણે લીધા ક્રમાંક: (૧) ના તા.૧૫/૦૯/૨૦૨૦ ના જાહેરનામાથી નવી વ્યાજ સહાયની યોજના જાહેર કરેલ છે. આ યોજનાનો અસરકારક અમલ થઈ શકે તે હેતુથી તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ ભારત સરકારશ્રી દ્વારા યોજાયેલ વેબીનારમાં સંબંધિત રાજ્ય સરકારશ્રી દ્વારા ચીફ સેક્રેટરીના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાની સમિતિનું આયોજન કરવા તથા આ પ્રોજેક્ટ સ્થપાય પછી, તેના અસરકારક અમલ માટે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ સંબંધિત ખાંડ મીલો દ્વારા તેનું અસરકારક અમલીકરણ થાય તે હેતુથી " નોડલ ઓફિસર" ની નિમણૂક કરવા માટેના આદેશ કરવા રાજ્યોને સુચન કરવામાં આવેલ છે. ભારત

સરકારશ્રીની વ્યાજ રાહતની વિષયોક્ત યોજનાના અમલીકરણ, તે હેઠળ ગુજરાત રાજ્યની ખાંડ મિલોની લોનની દરખાસ્તો, અસરકારક મોનીટરીંગ અને પ્રોજેક્ટનાં અસરકારક અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્યકક્ષાની સમિતિની રચના કરવા તથા વધુમાં આ હેતુ માટે નોડલ વિભાગ અને નોડલ અધિકારીની નિમણૂકની બાબત ખાંડ નિયામકશ્રીની વંચાણે લીધા ક્રમાંક (૨) પરની દરખાસ્તથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ભારત સરકારશ્રીના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના અન્ન અને જાહેર વિતરણ વિભાગના ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે નોડલ વિભાગ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા નોડલ અધિકારી તરીકે ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની નિમણૂક કરવામાં આવે છે, આ ઉપરાંત રાજ્યકક્ષાની સમિતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય | - અધ્યક્ષ |
| (૨) | સચિવશ્રી (સહકાર), કૃ.ખે.ક અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય | - સભ્ય |
| (૩) | કમિશ્નર (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર | - સભ્ય |
| (૪) | નિયામક, નશાબંધી અને આબકારી જકાત, ગાંધીનગર | - સભ્ય |
| (૫) | ચેરમેન, પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | - સભ્ય |
| (૬) | નાયબ સચિવ (ફરિયાદ અને નશાબંધી), ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય | - સભ્ય |
| (૭) | રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | - સભ્ય |
| (૮) | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય, સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ. લી. | - સભ્ય |
| (૯) | લીડ બેન્ક ઓફીસરશ્રી, ગુજરાત રાજ્ય | - સભ્ય |
| (૧૦) | મેનેજીંગ ડીરેક્ટર, જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી, સુરત, ભરૂચ, વલસાડ | -આમંત્રિત સભ્ય |
| (૧૧) | ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | -સભ્ય સચિવ |

૨. રાજ્યકક્ષાની સમિતિ નીચે મુજબની બાબતના કાર્યો કરશે.

(૧) ભારત સરકારશ્રીની તા.૧૫/૦૯/૨૦૨૦ ની વ્યાજ રાહતની વિષયોક્ત યોજનાના અમલીકરણ, તે હેઠળ ગુજરાત રાજ્યની ખાંડ મિલોની લોનની દરખાસ્તો, અસરકારક મોનીટરીંગ અને પ્રોજેક્ટનાં અસરકારક અમલીકરણની કામગીરી કરવાની રહેશે.

(૨) ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામના અસરકારક અમલીકરણ અંગે જે કોઈ મુદ્દાઓ સોંપવામાં આવે તે બાબતે આ સમિતિ અભ્યાસ કરી ભલામણ કરશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર માન.રા.ક.મંત્રીશ્રી (સહકાર) (સ્વતંત્ર હવાલો) ની તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.આર.પારેખ)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પ્રતિ,**

- માન.રા.ક.મંત્રીશ્રી (સહકાર) ના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય
- કમિશ્નર (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર
- નિયામક, નશાબંધી અને આબકારી જકાત, ગાંધીનગર
- ચેરમેન, પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાયબ સચિવ (ફરિયાદ અને નશાબંધી), ગૃહ વિભાગ, સચિવાલય, ગુજરાત રાજ્ય
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય, સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ. લી., ગાંધીનગર (ખાંડ નિયામકશ્રી મારફત)
- લીડ બેન્ક ઓફીસર, ગુજરાત રાજ્ય (ખાંડ નિયામકશ્રી મારફત)
- મેનેજીંગ ડીરેક્ટર, જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી, સુરત, ભરૂચ, વલસાડ
- સિલેક્ટ ફાઈલ